બનાસકાંઠા જિલ્લામાં ઉત્સાહભર્યા વાતાવરણમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લામાં ઉત્સાહભર્યા વાતાવરણમાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. વિધાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. પાલનપુર મુકામે શ્રી વી.આર.વિધાલય ખાતે કલેકટર દિલીપ રાણાએ પરીક્ષા આપવા જતા વિધાર્થીઓને કુમકુમ તિલક કરી, સાકરથી મોં મીઠુ કરાવી, હાથમાં ગુલાબનું ફૂલ આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કલેકટર દિલીપ રાણાએ જણાવ્યુ કે આજથી સમગ્ર જિલ્લામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૭૪ બિલ્ડીંગોમાં પરીક્ષા યોજાઇ રહી છે. ધોરણ-૧૦ના ૬૦,૨૨૬ વિધાર્થીઓ, ધોરણ-૧૨ (સા.પ્ર.) ૨૨,૭૬૩ અને એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ)ના ૪૪૫૧ વિધાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. તેમણે કહ્યુ કે વિધાર્થીઓ શાંતિપૂર્ણ, સરસ માહોલમાં પરીક્ષા આપે તે માટે રાજય પરીક્ષા બોર્ડ અને જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ સારી રીતે ગોઠવવામાં આવી છે અને તમામ કેન્દ્રોમાં સી.સી.ટી.વી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. કલેકટરે પરીક્ષાર્થીઓને ટેન્શન વિના ઉત્સાહ અને આત્મવિશ્વાસથી પરીક્ષા આપી ઉજ્જવળ કારકીર્દીનું ઘડતર કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે વિધાર્થીઓને કોઇ મુશ્કેલી જણાય તો કાઉન્સેલર અને હેલ્પસેન્ટરની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે તેના પર ફોન કરીને માહિતી અને માર્ગદર્શન મેળવી શકે છે.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી એચ.એલ. રાવલે જણાવ્યું કે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા સમગ્ર જિલ્લામાં ૧૭૪ બિલ્ડીંગો પર પાલનપુર, ડીસા અને દિયોદર એમ ત્રણ ઝોનમાં લેવાઇ રહી છે. જયારે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાલનપુર અને ડીસા એમ બે ઝોનમાં લેવાઇ રહી છે. વિધાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી સારું પરિણામ મેળવે તે માટે બોર્ડ ધ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને વિધાર્થીઓ સુંદર વાતાવરણમાં પરીક્ષા આપી રહ્યા છે. ધોરણ-૧૦ની વિધાર્થીની ઉર્વશી સક્સેનાએ જણાવ્યું કે અમે આખુ વર્ષ સારું ભણ્યા છીએ અને ખુબ સરસ તૈયારીઓ સાથે બોર્ડની પરીક્ષા આપવા આવ્યા છીએ એટલે પેપર સારા જશે જ તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પાલનપુર ખાતે શ્રી વી.આર. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓના સ્વાગત અને શુભેચ્છા આપવાના પ્રસંગે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ડાં. દિપકભાઇ દરજી, નાયબ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી મુકેશભાઇ ચાવડા, જિ.પંચાયતના સભ્ય અશ્વિનભાઇ સક્સેના સહિત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

અરવલ્લી, તા. ૧૨

૧૨ માર્ચ ૨૦૧૮ના રોજ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં માધ્યમિક ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ૯૮ કેન્દ્રો પર ૭૮ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી. મોડાસા શહેર સહીત બંને જીલ્લાના સંચાલક મંડળ અને વિવિધ સામાજિક સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને કુમ-કુમ તિલક કરી સાકરથી મોં મીઠું કરાવી માનસિક તણાવ દૂર કરવા ગુલાબના ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી.

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સોમવારે ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાનો તણાવ હળવો કરવા અને માનસિક ભય દૂર કરવા સાથે પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરે તેવા શુભ આશયથી અને પરીક્ષાર્થીઓને આહલાદક વાતારણ મળી રહે તે માટે મોડાસા શહેરના પરીક્ષા કેન્દ્રો જેવાકે મોડાસા હાઈસ્કૂલ, સર્વોદય હાઈસ્કૂલ, મદની હાઈસ્કૂલ, સરસ્વતી વિદ્યાલયના પ્રવેશ દ્વાર આગળ જીલ્લા સમાહર્તા શાલિની અગ્રવાલ, શહેરના પ્રથમ નાગરિક વનીતાબેન પટેલ, મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહ, સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ નિલેશ જોષી, જાયન્ટ્સ ઈન્ડિયા મોડાસા અને નગરસેવક નિકેશભાઈ પરમાર, અમિત કવિ, આર.સી.મહેતા, ઘી ઘાંચી હાઈસ્કૂલના પ્રમુખ રાજાબાબુ, મદની હાઈસ્કૂલના સિરાજ ટીંટોઇયા સહીત મોડાસા લાયન્સ ક્લબ, જેસીઆઈ મોડાસા, મારુતિ વિકાસ મંડળ, અરવલ્લી યુવા સેવા સંગઠન, ભાજપ અને કોંગ્રેસના હોદ્દેદારો અને અગ્રણીઓ સહીત વિવિધ સેવાકીય સંસ્થાઓએ ઉમળકાભેર પરીક્ષાર્થીઓને આવકારી ગુલાબના ફૂલ આપી તીલક કરી, સાકર વડે મોં મીઠું કરાવી શાંતિપૂર્વક પરીક્ષા આપવા માટે શુભેચ્છા પાઠવી હતી.

મોડાસા સાયન્સ કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

ધી મ.લા. ગાંધી ઉ.કેળવણી મંડળ સંચાલિત સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસાનો વાર્ષિકોત્સવ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર મોદીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. અતિથિવિશેષ તરીકે કોલેજના પ્રભારીમંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહ ઉપસ્થિત હતા. સમારંભમાં અરૂણ પટેલ, કિંજલ મિશ્રા, જી-૨૪ કલાક, સુવર્ણાબેન શેઠ, એનસીસી, એનએસએસ રમતગમત, આંતર કોલેજકક્ષાએ શિક્ષણેત્તર સિદ્ધિ મેળવવા બદલ વિદ્યાર્થીઓને સુવર્ણમંડિત ચંદ્રકો રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રોથી નવાજ્યા.

ગુજરાત સ્કૂલ અને કોલેજ સ્પોર્ટસ લીગમાં ભાગ લેવા ૨૧ માર્ચ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે

પાલનપુર, તા. ૧૨

ચાલુ વર્ષે ગુજરાત સ્કૂલ અને કોલજે સ્પોર્ટસ લીગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બહેનો માટે સ્કૂલલીગમાં ફૂટબોલ લીગનું આયોજન કરવામાં આવનાર છે. રજીસ્ટ્રેશન ફોર્મ સિનિયર કોચ, પાલનપુરની ઓફીસમાંથી મેળવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરેલ ફોર્મ અને રૂ.૧૬૦૦ (અંકે રૂપિયા એક હજાર છસ્સો પુરા)નો ડ્રાફ્ટ સચિવશ્રી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના નામે સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રમત સંકુલ, ધનિયાણા ચોકડી, હાઉસીંગ બોર્ડની સામે, સલાટનગરની બાજુમા, પાલનપુર બનાસકાંઠાને તા. ૨૧-૩-૨૦૧૮ સુધીમાં રજુ કરવાના રહેશે. જો રજીસ્ટ્રેશન ફોર્મ અને ખેલાડીઓના એલીજીબીલીટી ફોર્મ અને રૂ. ૧૬૦૦નો ડ્રાફ્ટ સમયમર્યાદામાં જમા કરાવવામાં નહી આવે તો ભાગ લેવા દેવામાં આવશે નહી. આ અંગેની વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંપર્ક નં. ૦૨૭૪૨-૨૯૫૬૪૭૭છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ બોર્ડની પરીક્ષાનો આજથી આરંભ થયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડનું પ્રથમ પેપર આપ્યું હતું. પ્રાંતિજ સહિત તાલુકામાં ધોરણ ૧૦ અને ૧૨ ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતાં પહેલાં પ્રવેશ દ્વાર ઉપર શાળાના શિક્ષકો દ્વારા વિધાર્થીઓને કુમકુમ તિલકની સાથે મોઢું મીઠું કરાવીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે ધોરણ- ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ સી.સી.ટીવી કેમેરા સુપરવાઈઝર અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડની પરીક્ષાનું પ્રથમ પેપર આપ્યુ હતું. પ્રથમ દિવસે પેપર ઈજી રહેતાં વિદ્યાર્થીઓના ચહેરાઓ ઉપર સ્મિત જોવાં મલ્યુ હતું અને શાંતિમય માહોલમાં વિદ્યાર્થીઓનું પ્રથમ પેપર પસાર થતાં તંત્રએ પણ હાશકારો લીધો હતો.

ખેડબ્રહ્મામાં ધોરણ-૧૦-૧૨ની પરીક્ષા શાંતિ પૂર્ણ યોજાઇ

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા માં ધોરણ ૧૦ ના ૪ સેન્ટરમાં વિદ્યાર્થીઓએ શાંતિમય વાતાવરણમાં પરિક્ષા આપી હતી. જેમાં શેઠ કે.ટી.હાઈસ્કૂલ, ગ્રેવીટી સ્કૂલ ઓફ સાયન્સ, કન્યા વિદ્યાલય, અને જ્યોતિ વિદ્યાલયમાં શાંતીમય

વતાવસણમા પરિક્ષા આપી હતી. જ્યોતિ હાઈસ્કૂલમાં પરીક્ષા આપવા આવેલ આગિયા ગામની જી.આર. એસ.સ્કૂલની વિનાબેન ભુરજીભાઈ ગમાર ને ચાલુ પરીક્ષા દરમ્યાન ચક્કર આવી જતા ઢળી પડી હતી જેથી શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે ૧૦૮ ને જાણ કરતા ટીમ આવી તેની સારવાર કરી હતી અને સ્કૂલ ધ્વારા અલગ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. આ ઉપરાંત જ્યોતિ વિદ્યાલયમાં વિશ્વજીત ગોહિલને જમણા હાથે ઈજા હોવા છતાં પરીક્ષા આપી હતી.

શ્રી તલોદ બ્રહ્મસમાજે બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદનગર ખાતે તલોદ નગરપાલિકા વિસ્તારમાં વસતા તમામ ભૂદેવોના સંગઠન એવા 'શ્રી તલોદ બ્રહ્મસમાજ'ની સ્થાપના કરવામાં આવી. આ બ્રહ્મસમાજની પ્રથમ જનરલ

સભા ગતરોજ મળી હતી. તેમાં સમાજના ધો. ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થી ભાઈ-બહેનોને આશિર્વાદ સાથે પેન, પર્સ અને પુષ્પગુચ્છ અર્પણ કરીને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

તલોદ બ્રહ્મસમાજના હોદ્દેદારોની એડહોક ધોરણે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે જીતુભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પદે પ્રવિણભાઈ રાવલ, મંત્રીપદે ભાર્ગવ વ્યાસ, સહમંત્રીપદે અમિતભાઈ જોષી અને ખજાનચી પદે કૌશિકભાઈ ત્રિવેદીની વરણી થવા પામી હતી.

કાંકરેજ તાલુકાના થરા શિહોરીમાં બોર્ડની પરીક્ષાનો શુભારંભ

કાંજરેજ તાલુકાના ઓગડ વિધ્યા મંદીર અને શિહોરી રતનપુરા મોડેલ સ્કુલ ખાતે આજ રોજ બોર્ડ ની પરીક્ષાઓ ની સરુવાત થઇ ગઇ છે ત્યારે પરીક્ષાના સમય પહેલા બાળકોને સ્કુલ દ્વારા સાકર થી મો મીઠું કરાવી કુમ કુમ ટીલક કરી વિધ્યાર્થીઓ ને પ્રવેસ આપવામાં આવ્યો હતો વિધ્યાર્થીઓ માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને સ્કુલ મથકો પર પોલીસ નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો જેમાં બારેથી કોઇ વ્યક્તિ પ્રવેસ ના કરે અને કોઇ ચોરીના પ્રયાસ ના થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી અને સી.સી.ટીવી કેમેરા અને ટેબલેટની બાજ બજર વચ્ચે લેવાશે ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ લેવામાં આવશે અને પરીક્ષા ખંડમાં વિધ્યાર્થીઓ ખુશ જોવા મળ્યા હતા.

ડીસામાં બોર્ડની પરીક્ષાનો આજથી આરંભ થયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડનું પ્રથમ પેપર આપ્યું હતું. ડીસા સહિત તાલુકામાં ધોરણ ૧૦ અને ૧૨ ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો.

સાબરકાંઠાથી શક્તિધામ પાટડી ધામાને એસટી સગવડ માટે માંગણી

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠાના હિંમતનગર-પ્રાંતીજ-તલોદ-ઈડરમાં વસતા ઝાલા-મકવાણાની કુળદેવી શ્રી શક્તિધામ ધામા પાટડીમાં છે. જેમાં સીધી એસ.ટી. સેવા નથી. પરિણામે અંબામાના દર્શન કરવા માટે મુશ્કેલી પડે છે. ચૈત્ર માસમાં તથા દર પૂનમે હિંમતનગર ગાંધીનગર-સરખેજ-વિરમગામ-પાટડી-ધામા એસ.ટી. બસ શરૂ કરવાની આ વિસ્તારના લોકોની માંગણી છે. એસ.ટી. તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવેલ છે.

આર્મીમાં જોડાવા ઈચ્છતા બનાસકાંઠા જિલ્લાના યુવાનો ૨૧ માર્ચથી ૪ મે સુધી ઓનલાઈન અરજી કરી શકશે

પાલનપુર, તા. ૧૨

ભારતીય લશ્કરી ભરતીમેળા (આર્મી)માં તાજેતરમાં વિવિધ ખાલી જગ્યાઓ પડવાની હોવાથી ભરતી માટે જરૂરી ઉંમર, શૈક્ષણિક લાયકાત અને શારિરીક માપદંડો ધરાવનાર ફક્ત પુરૂષ ઉમેદવારોને ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે. ભારતીય સેનાની વેબસાઈટ **www.jionindianarmy.nic.in** પર ફક્ત ઓનલાઈન અરજી કરેલ ઉમેદવારોને ભરતીમેળામાં પ્રવેશ મળશે.

ઉપર જણાવેલ જાહેરાત માટે વેબસાઈટ પર મૂકેલ વિગતવાર જાહેરખબરનો અભ્યાસ કરી તેમાં દર્શાવેલ માપદંડો સંતોષતા હોય તેવા બનાસકાંઠા જિલ્લાના નિયત લાયકાત ધરાવનાર તમામ ઉમેદવારોને તારીખ ૨૧-૩-૨૦૧૮ થી ૪-૫-૨૦૧૮ સુધીમાં ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવેછે અને વધુ માહિતી માટે રોજગાર વિનિમય કચેરી, પાલનપુરનો સંપર્ક કરવાનો રહેશે.

વિદ્યાર્થીઓ માટે કંન્ટ્રોલ રૂમ-હેલ્પ સેન્ટરની વ્યવસ્થા

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જોરાવર પેલેસ, પાલનપુર ખાતે વિધાર્થીઓ માટે કંન્ટ્રોલ રૂમ કાર્યરત છે. જેનો ફોન નં. ૦૨૭૪૨-૨૫૭૦૫૫ છે. જેના પર સવારે-૭ થી સાંજે ૮ વાગ્યા સુધી પરીક્ષાર્થીઓ માહિતી અને માર્ગદર્શન મેળવી શકે છે. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ડેરી રોડ, જહાનઆરા બાગની પાસે પાલનપુર ખાતે હેલ્પ સેન્ટર બનાવવામાં આવ્યું છે. જેમાં એ.એમ. પરમાર મો. ૯૪૨૮૫ ૪૫૧૭૧, ૦૨૭૪૨-૨૫૨૨૭૧ છે. જેના પર સવારે-૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી હેલ્પ સેન્ટરની મદદ લઇ શકે છે.

ધાનેરામાં ચીક્કીની ફેક્ટરી ચલાવતા મહેશ્વરીએ ગુજરાતનું તંત્ર ખરીદ્યું : તંત્ર ફેક્ટરી ચલાવનાર સામે કાર્યવાહી કરવા માટે લાચાર

તંત્ર અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર મહેશ્વરી માટે ધાનેરાનો જાગૃત નાગરિક ખખડાવશે કોર્ટના દ્વાર

ધાનેરાના મામા બાપજી મંદિર પાસે આવેલી ચીક્કી બનાવવાની ફેક્ટરી સામે અત્યારે ધાનેરા, બનાસકાંઠા અને ગુજરાત રાજ્યનું તંત્ર કાર્યવાહી કરવાના બદલે ફેક્ટરી ચલાવનાર મહેશ્વરીને પ્રોત્સાહન આપી રહ્યું છે અને લોકોના જીવ સામે ખતરો ઉભું કરી રહ્યું છે ત્યારે આ બાબતે ધાનેરાનો એક જાગૃત નાગરિક કોર્ટના દ્વાર ખખડાવશે અને તંત્ર તેમજ મહેશ્વરીને પાઠ ભણાવશે. તો બીજી તરફ લોકો જણાવી રહ્યા છે કે ધાનેરામાં મહેશ્વરીઓ પાસે પૈસા ઘણા છે અને પૈસાના જોરે બધુ જ સંકેલી લેશે ત્યારે ધાનેરામાં જો તાજેતરની વાત કરવામાં આવે તો એક મહેશ્વરી ૬૦ લાખ કરતા પણ વધુની રકમ દુકાન ખરીદી તેમના પૈસા બતાવ્યા છે ત્યારે જો ઈન્કમટેક્ષ દ્વારા ધાનેરાના મહેશ્વરીઓની તાપસ કરે તો પણ કરોડો રૂપિયા મળી આવે.

ધાનેરા ખુલ્લેઆમ ચીક્કીની ફેક્ટરી ચાલી રહી છે અને કુમળા બાળકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે તે બાબત તે વારંવાર અહેવાલ બહાર પાડી તંત્રને જાણ કરવામાં આવી રહી છે છતાં પણ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે બીજી બાજુ આ ફેક્ટરી ચલાવનાર મહેશ્વરી ધાનેરા ની જનતાને જણાવી રહ્યો છે કે અમારી પાસે ખુબ જ પૈસા છે અને અમારા હાથ પણ ખૂબ લાંબા છે અને દરેક જગ્યાએ અમારો હમો જાય છે માટે અમારું કોઈ બગાડી શકે તેમ નથી ત્યારે ધાનેરાની જનતા પણ હવે તંત્ર સામે ફિટકાર વરસાવી રહી છે અને જણાવી રહી છે કે પૈસાની લાયમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારને તંત્ર છાવરી રહી છે ત્યારે આવા તંત્રના અધિકારીઓને તો પાઠ ભણાવવો જ જોઈએ.

વધુ લોકોએ એ પણ જણાવ્યું હતું કે ધાનેરામાં મહેશ્વરીઓ પાસે પૈસા ખૂબ છે અને તે પૈસાના પાવરથી બધુ જ કરી શકે છે પણ પૈસાના દાબથી દબાઈ જનાર અધિકારીઓને આ રૂપાણી સરકાર ઘર ભેગા કરી પાઠ ભણાવે... થોડા સમય અગાઉ ધાનેરામાં નગરપાલિકાએ બનાવેલા શોપિંગની હરાજી કરવામાં આવી હતી અને આ હરાજીમાં સૌથી ઊંચા ભાવે મહેશ્વરીએ દુકાનો ખરીદી હતી તમે પણ આ દુકાનની કિંમત સાંભળશો તો ચોકી જશો. મહેશ્વરી આ ૬૦ લાખ કરતા પણ વધુની કિંમતની દુકાન ખરીદી હતી ત્યારે આ વસ્તુ જ બતાવી રહ્યું છે કે મહેશ્વરી પાસે ખુબ જ પૈસા છે અને પૈસાના જોરે તંત્રના લાલચુ અધિકારીઓને ખરીદી ગમે તે કરી શકે છે. હવે જો ગુજરાતની રૂપાણી સરકાર આ મહેશ્વરીને પાઠ ભણાવે તો સારું છે નહીં તો કોર્ટ તો લોકોની વાત સાંભળવા તૈયાર જ છે અને પૈસા ખાઉં અધિકારીઓને પણ હવે ચેતી જવાની જરૂર છે.

ગુજરાત સાહિત્ય અકાદમી મોડાસા શબ્દસેતુ ત્રિદિવસીય વાર્તાલેખન શિબિર સંપન્ન

મોડાસા શ્રી એચ.એલ. પટેલ વિદ્યાલયમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને શબ્દશેતું મોડાસા દ્વારા ત્રિદિવસીય વાર્તા લેખન શિબિરનું આયોજન થયું હતું. જેમા નવિપેઢીને વાત કેમ લખવી તેના માટે રાજ્ય ગુજરાત અકાદમીના નિષ્ણાતોએ માર્ગદર્શન આપીને યુવાનને તૈયાર કરવામાં આવ્યા હતા. સમાપન સમારંભમાં અધ્યક્ષ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અધિકારી સમીર પટેલ, મુખ્ય મહેમાન જીવદયા પ્રેમી સામાજીક કાર્યકર નીલેશ જોશીએ શિબિરઆર્થી અને બિરદાવ્યા હતા. આ વાર્તા લેખનમાં નગરપાલિકાના પ્રમુખ વાનીતાબેન મોહનભાઇ પટેલ દ્વારા આ શિબિરઆર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાહિત્ય કાદમીના આ સમગ્ર જવાબદારી શબ્દસેતુના પ્રમુખ ડો. જીજ્ઞેશ શુથાર, ડૉ પ્રવીણ વાઘેલા, સલીમ શેખ, એ. કે. પટેલ, ડૉ. સંતોષ દેવકર, ડૉ. પીનાકીન પંડ્યા, કાદરઅલી, ડૉ. મધુસુદન વ્યાસ, જયન્દ્ર પંડ્યા ઉપસ્થિત રહીને આ શિબિરની સરાહના કરી હતી.